# પેટ્રોલ-ડિઝલમાં કમરતોડ ભાવ વધારો

## પેટ્રોલમાં લીટરદીઠ ૧.૩૪, ડિઝલમાં ૨.૩૭નો વધારો : ગુજરાતમાં સ્થાનિક વેટના પરિણામ સ્વરૂપે પેટ્રોલ ડિઝલની કિંમતમાં વધુ વધારો અમલી બન્યો : પેટ્રોલની કિંમતમાં બે મહિનામાં પાંચમી વખત વધારો



નવી દિલ્હી,તા. ૧૫

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે જંગી કમરતોડ વધારો ઝીંકવામાં આવ્યો હતો. જેના પરિણામ સ્વરૂપે અમદાવાદ સહિત ગુજરાતમાં ભાવ વધારો વધારે રહેશે. વેટ અને સેલ ટેક્સ સિવાય પેટ્રોલની કિંમતમાં આજે લીટરદીઠ ૧.૩૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૨.૩૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં વેટ હોવાના લીધે આ વધારો વધુ રહેશે. વૈશ્વિક કિંમતોમાં ક્રુડની કિંમતમાં ઉછાળો નોંધાયા બાદ આ ભાવ વધારો ઝીંકવામાં આવ્યો છે. સ્થાનિક વેટને અમલી બનાવવામાં આવ્યા બાદ દિલ્હીમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૬૬.૦૫ રૂપિયા થઈ જશે જે હજુ સુધી ૬૪.૭૨ રૂપિયા હતો. આવી જ રીતે ડિઝલની કિંમત હાલમાં ૫૨.૬૧ની સામે હવે વધીને ૫૫.૨૬ થઈ જશે. પાંચમી ઓકટોબરના દિવસે પેટ્રોલની કિંમતમાં ૧૪ પૈસાનો અને ડિઝલની કિંમતમાં ૧૦ પૈસાનો વધારો થઈ ગયો હતો કારણ કે ડિલરોને ચુકવવામાં આવતા કમિશનમાં વધારો કરવામાં આવ્યો હતો તે પહેલા પેટ્રોલની કિંમતમાં ત્રણ વખત વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે ડિઝલની કિંમતમાં પહેલી ઓકટોબરના દિવસે આઠ પૈસાનો કાપ મુકાયો હતો.

બે મહિનાના ગાળામાં પાંચમી વખત પેટ્રોલની કિંમતમાં વધારો ઝીંકવામાં આવ્યો છે. દિવાળી તહેવાર નજીક છે ત્યારે આ ભાવ વધારો તીવ્ર રહે તેમ માનવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય ક્રુડની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન એક નિવેદન જારી કરીને કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય કિંમતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઓપેક દેશો અને રશિયા દ્વારા તેલ ઉત્પાદન મર્યાદિત કરવા માટે તૈયાર થતા તેની અસર જોવા મળી રહી છે. અન્ય વૈશ્વિક કારણો પર દેખાઈ રહ્યા છે. આ તમામ રીતે ક્રુડના ભાવ વધી રહ્યા છે. આ વર્ષે ક્રુડના ભાવ ઓગષ્ટ મહિનામાં ૩૯ ડોલર પ્રતિ બેરલના હતા જે હવે વધીને ઓક્ટોબરમાં ૫૨ ડોલર પ્રતિ બેરલ થઈ જતા ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે.

ક્રુડની કિંમતમાં હજુ પણ વધારો થઈ શકે છે. રોકેટ ગતિથી વધી રહેલી કિંમતોના કારણે તેની સીધી અસર ભારતમાં પેટ્રોલ અને ડીઝલ પર જોવા મળી શકે છે.

# પોકમાં જરૂર પડે તો સર્જિકલ સ્ટ્રાઈક કરાશે : સેના

## સર્જિકલ હુમલાના સંદર્ભમાં સેનાએ પુરતી માહિતી આપી : ત્રાસવાદીઓ અંગે પાકી માહિતી મળ્યા બાદ આત્મરક્ષાના હેતુસર સર્જિકલ હુમલા કરવામાં આવ્યા હતા : પાકિસ્તાનને ત્રાસવાદીઓને રોકવા ચેતવણી

નવી દિલ્હી,તા. ૧૫

ભારતીય સેનાએ દાવો કર્યો છે કે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં (પોક)માં ફરી એકવાર સર્જિકલ હુમલા કરવામાં આવી શકે છે. ભારતીય સેનાએ સંસદની સંરક્ષણ સ્થાયી સમિતી સમક્ષ માહિતીની આપલે કરી હતી. સેનાએ નેતાઓને કહ્યુ હતુ તે ભારતીય સેનાની ટુકડીએ કઈ રીતે અંકુશ રેખા પાર કરીને સર્જિકલ સ્ટ્રાઈકને અંજામ આપવામાં સફળતા મેળવી હતી. સેનાએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે જો સ્થિતી નહી સુધરે તો ફરી સર્જિકલ સ્ટ્રાઈક કરી શકાય છે. સર્જિકલ સ્ટ્રાઈકના પુરાવાને લઈને થઈ રહેલી રાજનિતીના અહેવાલ વચ્ચે આ સમાચાર આવ્યા છે.

વાઈસ ચીફ ઓફ આર્મી સ્ટાફ લેફ્ટી જનરલ બીપીન રાવત દ્વારા ૨૯મી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવેલા સર્જિકલ હુમલા અંગે કમિટિને માહિતી આપવામાં આવી હતી. ત્રાસવાદી કેમ્પોને કેટલુ નુકસાન થયુ હતુ અને ભારતમાં ઘુસણખોરી કરવા માટે કેટલા ત્રાસવાદી લોંચ પેડ પર એકત્રિત થયા હતા તે તમામ બાબતોની માહિતી આપી હતી.

રાવતના કહેવા મુજબ તમામ ત્રાસવાદીહુમલો કરીને સફળરીત પરત ફર્યા હતા. અંકુશરેખા પાર કરીને કરવામાં આવેલા હુમલાના સંદર્ભમાં માહિતી અપાઈ હતી. પરંતુ એજન્ડામાં થયેલી વાતચીત અંગે તમામ બાબતો ગુપ્ત રાખવામાં આવી હતી.સર્જિકલ હુમલાને લઈને રાજનીતિની રમત ચાલી રહી છે ત્યારે સેનાએ આજે સંરક્ષણ અંગેની સ્થાયી સમિતિને પુરતી માહિતી આપી હતી. ૨૯મી સપ્ટેમ્બરના દિવસો પોકમાં સર્જિકલ હુમલા કરાયા હતા જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આશરે ૪૦ જેટલા ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. સાતથી વધુ ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરાયો હતો. સર્જિકલ હુમલાને લઈને સેનાની ચારેબાજુ હાલમાં પ્રશંસા થઈ રહી છે. બિપીન રાવતે કમિટીને કહ્યું હતું કે ભારતે કાર્યવાહી કર્યા બાદ પાકિસ્તાનની ડીજીએમઓને માહિતી આપી હતી પરંતુ ભવિષ્યની સ્થિતિ ઉપર ઘણી બધી બાબતો આધારિત રહેશે. જો પાકિસ્તાન પોતાની જમીનનો ઉપયોગ ત્રાસવાદી ગતિવિધિ માટે ન થવા દેવાના વચનને પાળશે નહીં તો ફરીવાર સર્જિકલ હુમલા કરવામાં આવશે.

લેફ્ટી જનરલ રાવતે સાંસદો સાથે વાતચીત કરી હતી. સમગ્ર ઓપરેશનની માહિતી સાંસદોને આપવામાં આવી હતી.



# કેજરીવાલને ઊંઝા વિસ્તારમાં મિશ્ર પ્રતિભાવ

ઊંઝા, તા. ૧૫

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. ત્યારે આજે ઊંઝા ખાતેના તેમના કાર્યક્રમો દરમિયાન ઉમિયા માતાજી સંસ્થાન આગળ પાલિકાના હોદ્દેદારો, નગરસેવકોએ કેજરીવાલનું સ્વાગત કર્યુ હતુ. આ ઉપરાંત નજીકના કામલી ગામે પણ તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અરવિંદ કેજરીવાલ ઊંઝાથી સીધા નજીકના કામલી ગામે બ્રહ્માણી માતાજી મંદિરે ગયા હતા. જ્યાં નાગજીજી ઠાકોરના પરિવારજનોને મળી તેઓને સાંત્વના પાઠવી આ પરિવારજનોની રજૂઆત સાંભળી યોગ્ય કરવાની ખાત્રી આપી હતી.

અત્રે તેમણે સભાને સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાતના લોકો ક્રાંતિકારી છે. એટલે જે કોઈ રાજ્ય અધિકાર છે. ત્યારે શાંતિથી વિરોધ કરનારા લોકો પર હથિયારધારી પોલીસે હથિયાર વગરના લોકો પર ગોળીબાર કરી જુલ્મ ગુજાર્યો છે. તે યોગ્ય નથી. આમાં જવાબદાર સામે જરૂરી પગલાં ભરવા જોઈએ તેવી માંગણી કરી હતી. તેમણે કહ્યું કે જે રાજયની આગામી ચૂંટણીમાં ઈમાનદાર પાર્ટીની સરકાર બનાવવા અપીલ કરી હતી.

બાદ તેઓ ઊંઝા ઉમિયા માતાજીના મંદિરે દર્શન કરવા માટે નીકળ્યા હતા. તેઓનો કાફલો માતાજી સંસ્થાન આગળ આવતા કેટલાક યુવાનોએ વિરોધના બેનરો સાથે કેજરીવાલ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. જ્યારે ઊંઝા હાઈવે પર તાલુકાના આમ આદમી પાર્ટીના હોદ્દેદારો સમર્થકો ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનમાં ટ્રસ્ટીઓ, સભ્યો તેમજ ઊંઝા નગરપાલિકા કચેરીએ માતાજીના દર્શન કરી પાટીદાર અનામત આંદોલન સમયે મૃત્યુ પામેલ કામલીના પાટીદાર યુવાન સ્વ. કનુભાઈ અંબાલાલ પટેલ, સ્વ. મહેશભાઈ સોમાભાઈ પટેલ (ફોસી) વેડચા તા, પાલનપુર તથા ભાભર પો. સ્ટે. ના મૃતક પો.કો. સ્વ. સરકાર સામે અવાજ ઉઠાવે તેને દબાવી દેવાની કોશિશ થઈ રહી છે. પાટીદાર અનામત આંદોલન સમયે પોલીસના ગોળીબારથી જે શહીદ થયા છે તેઓના પરિવારજનોની વાત સાંભળી મને ખુબ દુઃખ થયું છે. દેશની જનતાને વિરોધ કરવાનો કોઈ નેતાએ ગોળીબારનો હૂકમ આપ્યો હોય તેઓને એવો પાઠ ભણાવો કે બીજી વખત આવુ કૃત્ય કરે નહી. વધુમાં તેમણે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા જનહિતને લગતા થઈ રહેલ કાર્યોની માહિતી આપી હતી. અને ગુજરાત કેટલાક યુવાનો કેજરીવાલનો વિરોધ કરી સૂત્રોચ્ચાર કર્યો હતો. બાદ તેઓ મંદિર કાર્યાલય આગળ આવી પહોંચતા માતાજી સંસ્થાનના ટ્રસ્ટીઓ, સભ્યોએ ખેશ પહેરાવી અને માતાજીનો ફોટો અને પ્રસાદી આપી સ્વાગત કર્યુ હતુ.







અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ડેમાઈ ગામે ઠાકોર સમાજ દ્વારા એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત ઠાકોર અને કોડી વિકાસ નિગમના અધ્યક્ષ નંદાજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને આ સંમેલન યોજાયું હતું. સંમેલનમાં બાયડ તાલુકામાંથી મોટી સંખ્યામાં ઠાકોર સમાજના લોકો હાજર રહ્યા હતા. સંમેલનમાં સરકારની વિવિધ યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. બક્ષીપંચ તેમજ પછાત વર્ગના લોકો માટે સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને છેવાડના લોકો આવી યોજનાથી માહિતગાર થઈ તેનો લાભ લઈ શકે તે વિશેની ચર્ચા સંમેલનમાં કરવામાં આવી હતી. સાથે આ પ્રસંગે નંદાજી ઠાકોરે જણાવ્યું હતું કે ગુજરાતના ઠાકોર સમાજના લોકો એક થાય વ્યસન મુક્ત, શિક્ષિત થાય અને આગળ વધે તે માટે આહ્‌વાન કરાયું હતું. આ પ્રસંગે બાયડ તાલુકાના ઠાકોર સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શહેરમાં હવે સારૂ વાંચન સાહિત્ય ૬૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટે મળશે

ગાંધીનગરની વિશ્વગ્રામ સંસ્થા પ્રેરિત સદ્‌ભાવના ફોરમ દ્વારા શહેરમાં દર મહિનાના ત્રીજા રવિવારે સાંજે ૫ થી ૭ વાગ્યા દરમ્યાન ઘ-૪ સર્કલે ઉદ્યોગભવન કોર્નર પાસે કિફાયતી કિંમતે પુસ્તકોના વેચાણનું કાર્ય હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો હેતુ શહેરીજનોને સારૂ વાંચન સાહિત્ય સસ્તા ભાવે ઉપલબ્ધ કરાવી વાંચન પ્રવૃત્તિને વેગવંતી કરવાનો છે. પુસ્તક એ અજ્ઞાનથી જ્ઞાન તરફ જવાનો સેતુ છે. વિચાર કોર્નર કાર્યક્રમ હેઠળ વિશ્વગ્રામ પ્રેરિત સદ્‌ભાવના ફોરમ દ્વારા ગાંધીનગરમાં ૩૫ થી ૬૦ ટકા સુધીના વળતરે પુસ્તકોના વેચાણની પ્રવૃત્તિ હાથ ધરાશે. આ પ્રવૃત્તિ થકી સદ્‌ભાવના ફોરમ કોઈ નફો રળશે નહી પરંતુ તેનો હેતુ વાંચન પ્રવૃત્તિને વેગ આપી જ્ઞાન વહેંચવાનો છે. શહેરીજનોને સારૂ વાંચન સાહિત્ય સસ્તા ભાવે ઉપલબ્ધ કરાવાશે જેમાં પુસ્તકની કિંમત પર ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. સદ્‌ભાવના ફોરમ અંતર્ગત મિત્ર વર્તુળ દ્વારા દાતાઓના સહયોગથી ચલાવાશે. ગાંધીનગરના વાંચનપ્રેમી તથા સાહિત્યરસિક નગરજનોને મોટી સંખ્યામાં લાભ લેવા અનુરોધ કરાયો છે.

## સમજૂતિ કરાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અને વ્લાદિમીર પુટિન વચ્ચેની વાતચીતમાં આતંકવાદનો મુદ્દો પણ છવાયો હતો. બંને દેશોએ આતંકવાદ પર એકબીજાના વલણને સમર્થન આપ્યું હતું. સાથે સાથે સહકાર વધારવા માટે તૈયારી દર્શાવી હતી. સંયુક્ત નિવેદન મોડેથી જારી કરવામાં આવ્યું હતું. પુટિનની હાજરીમાં મીડિયા સમક્ષ નિવેદન વાંચતા મોદીએ કહ્યું હતું કે ક્રોસ બોર્ડર ટેરેરીઝમ સામે ભારતની કાર્યવાહીને રશિયાએ સંપૂર્ણ ટેકો આપ્યો છે. આતંકવાદી કેમ્પોને ફૂંકી મારવા ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા સર્જિકલ હુમલાનો મોદીએ દેખીતી રીતે ઉલ્લેખ કર્યો હતો. મોદીએ એમ પણ કહ્યું હતું કે આતંકવાદને રોકવાની જરૂરીયાત ઉપર રશિયા સ્પષ્ટ વલણ ધરાવે છે. ત્રાસવાદના મુદ્દે બંને દેશો જીરો ટોલરન્સની નીતિ અપનાવવા માંગે છે. પુટિનના ભાગરૂપે કહેવામાં આવ્યું હતું કે બંને દેશો ત્રાસવાદ સામેની લડાઈમાં સહકાર કરશે. બંને દેશો જુદા જુદા ક્ષેત્રોમાં આગળ વધવા માટે કટિબદ્ધ છે. સુરક્ષા પ્રાથમિકતાઓને વધારે મહત્વ આપવામાં આવી રહ્યું છે. બંને નેતાઓએ કુંડાકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં બે યુનિટને સમર્પિત કર્યા હતા. મોદીએ પોતાના ભાષણની શરૂઆત રશિયન ભાષામાં કરી હતી. તેમણે કહ્યું હતું કે એક જુનો મિત્ર બે નવા મિત્ર કરતા વધારે વિશ્વાસપાત્ર હોય છે. તેમણે કહ્યું હતું કે બંને દેશોના સંબંધોને નવી દિશા આપવામાં આવી રહી છે. સંબંધોમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ થયા છે. લાંબી અને મહત્વપૂર્ણ વાતચીત થઈ છે. મોદીએ સિવિલ ન્યુક્લિયર ક્ષેત્રમાં વધતા સહકારની પણ વાત કરી હતી. વીડિયો કોન્ફરન્સીંગ મારફતે મોદી અને પુટિને કુંડકુલમ પાવર પ્લાન્ટના યુનિટ ત્રણ અને ચારનું શીલાન્યાસ કર્યુ હતું. મોદીએ કહ્યું હતું કે બંને દેશો વચ્ચે સાયન્સ અને ટેકનોલોજી કમિશન બનાવવા પર સહમતિ થઈ છે.

## ગુજરાતની મુલાકાતે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આપશે. આવતા સપ્તાહમાં દેશની બન્ને મોટી પ્રતિભા ગુજરાતની મુલાકાતે આવશે

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી તા ૨૨ ઓકટોબરના રોજ ગુજરાતની મુલાકાતે આવશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પ્રિ સમિટને અનુલક્ષી ગાંધીનગરની ખાસ મુલાકાતે આવવાના હોવાથી તંત્ર હાલ તૈયારીમાં લાગી ગયુ છે. રાષ્ટ્રપતિની બે દિવસીય મુલાકાતને અનુલક્ષી જિલ્લાના વહીવટી તંત્રમાં પણ જરૂરી બેઠકાનો દૌર શરૂ થઇ ગયો છે. રાષ્ટ્રપતિ બાપુ નોલેજ વિલેજ એન્જિનિયરીંગ કોલેજમાં પણ એક કાર્યક્રમમાં પણ હાજરી આપશે. જયારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ૨૨ મી એ બરોડામાં એક કાર્યક્રમમાં હાજરી આપશે. દેશના બન્ને સૌથી મોટા મહાનુભાવો આગામી સપ્તાહમાં ગુજરાત આવશે. રાષ્ટ્રપતિના આગમનને ધ્યાને લઈ પોલીસ તંત્ર દ્વારા પણ હાલ પુરતી સુરક્ષા વ્યવસ્થા પ્લાન કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિના રૂટમાં પાયલોટીંગથી લઈ જરૂરી સુરક્ષા વ્યવસ્થા માટેનો તખતો તૈયાર કરવામાં આવી રહયો છે. જયારે બીજીતરફ વહીવટી તંત્રના અધિકારીઓની પણ બેઠકો યોજવામાં આવી રહી છે.

## રીસરફેસીંગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કરવામાં આવશે. જયારે ચ માર્ગને પણ ચકાચક બનાવવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. શહેરના ક માર્ગની દશા છેલ્લા ઘણાં સમયથી ખરાબ છે. ઉબડ ખાબડ બનેલા માર્ગને યોગ્ય કરવા તંત્ર દ્વારા નિર્ણય લેવાતા હાલ કામ પણ શરૂ કરી દેવાયુ છે. ક- ૭ થી ઉનાવા તરફના રસ્તાની કંગાળ હાલતને સુધારવા માટે રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. અંદાજિત ૬ કી મીના આ માર્ગની સુધારણાનુ કામ ટુંકમાં પુર્ણ કરી દેવાશે. ક માર્ગની હાલત છેલ્લા ઘણાં સમયથી બદતર હોવાના લીધે સ્થાનિક રહીશોમાં આ માર્ગની સુધારણા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા ત્વરિત કામ હાથ ધરવામાં આવ્યુ છે.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

સૂચના આપવી, પ્રોપર્ટી વ્યવસ્થાનું સતત ટેન્શન એના ચહેરા પર દેખાતું હતું આટલી નાની ઉંમરે આટલી મોટી જવાબદારી વહન કરવી એ ભવિષ્યમાં મોટા કલાકાર બનવાની ક્ષમતા દર્શાવે છે. ઉદઘોષણા સરસ હતી. પણા નાટકમાં કૃષ્ણને સુદર્શનચક્ર ડાબા હાથની આંગળીમાં દર્શાવાયું હતું.

રાજકોટનું ‘પછેડા’ નાટક સૌરાષ્ટ્રની તળપદી ભાષા એની ગ્રામીણ વેશભૂષા અને ત્યાની આખી તળ સંસ્કૃતિ લઈને આવતું નવી ભાત પાડતું એકાંકી હતું. નાની ખાટલી, ચૂલો, પીત્તળના વાસણ, આ બધાનો ઉપયોગ પ્રસંશનીય, ગામડાની વ્યવસ્થા, ગામના પંચની – મૂખીની ભૂમિકામાં નાના નાના વિદ્યાર્થીઓએ ખુબ સારો અભિનય કર્યો. પણા નાટ્ય વ્યવસ્થાપકો, દિગ્દર્શક સૌએ આ નાના કલાકારોને હાથમાં માઈક પકડાવીને આખા નાટકને એની સમગ્ર અસરમાંથી વિખેરી નાખ્યુંહતું. વળી દિગ્દર્શનનો અભાવ હતો. એક બે દશ્યમાં આખું નાટક પુરું થાય છે. સ્ટેજ પ્રોપર્ટીનો ઉપયોગ થઈ શક્યો નહીં. વિવિધ દશ્યો ઉભા થઈ શકે, સંઘર્ષ આવી શકે એવું આ એકાંકીમાં ઘણું હોવા છતાંય થઈ શક્યું નહોતું.

ભાવનગરનું ‘સ્વચ્છ ભારત’ એકાંકી મહાત્મા ગાંધીના સ્વચ્છતાના આદર્શોની વાત લઈને આવ્યું હતું. ભારતમાતા, ગાંધીજી અને શ્રી નરેન્દ્ર મોદીના પાત્રો, અવાજ દ્વારા સમાજ પર સ્વચ્છતા સંદર્ભે ધારદાર વ્યંગ્ય કટાક્ષો રજુ કર્યા. એક શોર્ટ ફિલ્મ જોતા હોઈએ એવું લાગ્યું. પણ પૂર્ણ નાટક બની શક્યું નહીં પાત્રોનો અવાજ ડબીંગ કરેલો હતો. સાણંદના ‘શહીદ ભગતસિંહ’ની નાના નાના બાળકો દ્વારા રજું થયેલી દેશપ્રેમની વાત ગમે એવી હતી ફાંસીનું દશ્ય સારી રીતે ભજવાયું. બોટાદનું ‘અમારો સંકલ્પ. સ્વચ્છ ભારત’ વડોદરાનું ‘સ્વચ્છતા અને સામાજિક સમરસતા’ભરુચનું ‘મણીભાઈની કમાલ અને ધમાલ’ નાટકો ખુબ નબળા હતા. મહિસાગરનું ‘મહાઅભિયાન’ ગુજરાતની લોકસંસ્કૃતિ ભવાઈ, તૂરી-બારોટ જેવી લોકકલાઓ દ્વારા સાંગિતિક રજુઆત હતી. એક દિવ્યાંગ વિદ્યાર્થીને કલાકારના રૂપમાં રજુ કરીને તેને ગરબે રમાડી તેની અંદરની સંવેદના જીવંત કરવાનો પ્રયાસ પ્રશંસનીય હતો. બાયોગેસ બનાવવાની વાત અને ભૃણહત્યાની વાત પણ રજુ થઈ. જો કે આ નાટક કરતા સંગીત નૃત્ય નાટિકા વિશેષ હતી માત્ર દિવ્યાંગ બાળકને ગરબા રમાડવાથી નાટક બની જતું નથી. એકાંકી તત્વનો બિલકુલ અભાવ જોવા મળ્યો. અંતે અમદાવાદ દ્વારા ‘માઈમ’ રજુ થયું હતું.

આમ મોટાભાગના નાટકોમાં સીધે સીધો સરકારી સંદેશ રજુ થયો. જે ખરેખર નાટકમાં પાત્ર, પ્રસંગ કે અભિનય દ્વારા રજુ થવો જોઈએ. મોટાભાગની શાળાઓના શિક્ષકોમાં રંગમંચીય દષ્ટિનો સદંતર અભાવ જોવા મળ્યો. દરેક નાટકોના બાળકોએ મહેનત સારી કરી હતી. આ નાટકોમાં જે ખામી કે ભૂલો હતી તે શિક્ષકો, દિગ્દર્શકો કે સ્કૂલ આયોજકોની હતી આ આખો રાજ્યકક્ષાનો મહોત્સવ યોજીને નાના બાળકોના સર્વાંગી વિકાસમાં સહભાગી થવા માટે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી અને તેમની ટીમને અભિનંદન. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ.બારડે બધા જ નાટકો ધ્યાનથી જોઈને પોતાની રંગમંચીય રૂચિ પણ દર્શાવી હતી.

- 9426060601.india@gmail.com